# કે.વી.કે. દેવાતજ દ્વારા "પં. દિનદયાલ ઉપાધ્યાય ઉન્નત કૃષિ શિક્ષણ યોજના" અંતર્ગત તાલીમનો ઉદઘાટન કાર્યક્રમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા તારીખ ૨૨/૦૨/૨૦૧૭ ના રોજ "પં. દિનદયાલ ઉપાધ્યાય ઉન્નત કૃષિ શિક્ષણ યોજના" અંતર્ગત સાંસદ દત્તક ગામ મઘરોલ ખાતેથી પાંચ દિવસીય સજીવ ખેતી હેઠળના તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડોં. અરૂણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તથા આમંત્રીત મહેમાન ડોં. એમ. વી. પટેલ, પ્રાધ્યાપક અને વડાશ્રી, એગ્રોનોમી, આ.કૃ.યુ., આણંદ, શ્રી વિપુલભાઈ પટેલ, આણંદ જિલ્લા કો ઓર્ડીનેટરશ્રી ઉન્નત કૃષિ શિક્ષણ યોજના, ડોં. મંજૂષા કુલશ્રેષ્ઠ, પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ હવામાન શાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ., આણંદ, શ્રી વી.બી. વૈધ, મદદનીશ પ્રાધ્યાપક, આ.કૃ.યુ., આણંદ, ડોં. શ્રીવર્ધન યાદવ, મદદનીશ પ્રાધ્યાપક, આ.કૃ.યુ., આણંદ, શ્રી સુરેશભાઇ પટેલ, સોજીત્રા વિધાનસભા વાલી અને શ્રી રણછોડભાઇ પરમાર, ભાજપ પ્રમુખ સોજીત્રા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી તથા નોડલ અધિકારી, ઉન્નત કૃષિ શિક્ષણ યોજના ડોં. જી .જી .પટેલ દ્વારા મહેમાનશ્રીઓનું તથા ખેડૂત ભાઇઓનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ તેમણે આજથી શરૂ થતા પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમની વિગત આપી હતી. શ્રી વિપુલભાઈ પટેલે પં. દિનદયાલ ઉપાધ્યાય ઉન્નત કૃષિ શિક્ષણ યોજનાના હેતુ અને ઉદ્દેશ્યો વિષે માહિતી આપી.

ડોં .એમ. વી. પટેલે પ્રાકૃતિક ખેતી/સજીવ ખેતી પર ટૂંકમાં માહિતી આપી હતી ડોં. મંજૂષા કુલશ્રેષ્ઠ દ્વારા કૃષિમાં હવામાન વિશેની પરિબળોની અગત્યતા અને હવામાન વિશેની આગાહીના ઉપયોગ માટે સલાહ આપી. આ ઉપરાંત મંચસ્થ મહાનુભાવો દ્વારા પંડીત દીનદયાલ ઉપાધ્યાય ઉન્નત કૃષિ શિક્ષણ યોજના અંગેનું એક ફોલ્ડરનું વિમોચન કરવામાં આવેલ.

ત્યારબાદ ડોં. અરૂણભાઇ પટેલ સાહેબશ્રીએ પ્રાસંગોચિત્ત ઉદબોધન કર્યું તેમજ તેઓએ આપણા માનનીય વડાપ્રધાનનો મુખ્ય હેતુ ગ્રામીણ ક્ષેત્રોમાં સરકાર દ્વારા શરૂ કરાયેલી વિકાસની વિવિધ પહેલ દ્વારા જ્ઞાનના પાયાની રચના કરવાના સંદર્ભમાં પંડિતદીનદયાળ ઉપાધ્યાયને યાદ કરવા યોગ્ય છે, કે જેમણે

ખોરાકમાં સ્વાવલંબનને પ્રોત્સાહિત કર્યા. તેમણે સ્થાનિક સમુદાયોના આર્થિક વિકાસ માટે અર્થવ્યવસ્થાના વિકેન્દ્રીકરણના સશક્તિકરણ ઉપર ભાર મૂક્યો તેમણે મોટા ભાગના ગામડાઓમાં આર્થિક સમૃધ્ધિને વિશાળ કરવા માટે આત્મનિર્ભરતાના આધાર ઉપર એક મોડેલ બનાવ્યું તે બાબતોથી ખેડૂતોને માહિતગાર કર્યા. સદર કાર્યક્રમમાં ૧૦૦થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. આમ, આ કાર્યક્રમના ઉદઘાટન સમારંભના અંતે પલોલ ગામના પ્રગતીશીલ ખેડૂત શ્રી અમીતભાઈ પટેલે પતિભાવ આપી સર્વેનો આભાર માન્યો હતો.



